### મદ્રેસા મોઈનુલ ઇસ્લામ ટ્રસ્ટ સંચાલિત

### ધી સર્વોદય નાગરિક સહકારી બેંક લી. મહિલા આર્ટ્સ કોલેજ, મેહતાપુરા, હિંમતનગર

## જુનિ.ક્લાર્ક – સામાન્ય પ્રારંભિક પરીક્ષાની

| | | |
|---|---|---|
| કુલ પ્રશ્નો : ૧૦૦<br>કુલ ગુણ : ૧૦૦<br>સમય : ૬૦ મિનિટ | ઉમેદવારનો બેઠક ક્રમાંક :......... | પ્રશ્ન પુસ્તિકા શ્રેણી : A |

**સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલાવી નહી.**

#### ઉમેદવારોને સૂચના

1. આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રમા વિકલ્પ E આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે,
પ્રશ્ન: ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?
(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ
(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

ઉત્તર પત્ર (OMR Sheet) માં (A) (B) ● (D) (E)

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ C છે. આથી C નું વર્તુળ ઘાટું (encode) કરેલ છે.

2. 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પુરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી ગુનાને પાત્ર બનશે.

3. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

4. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક તેમજ પ્રશ્નપુસ્તિકાની સિરીઝ (A, B, C કે D) સ્વચ્છ અક્ષરે લખવાના રહેશે.

5. પ્રત્યેક સાચા જવાબદીઠ એક ગુણ મળવાપાત્ર થશે. અને ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબદીઠ, કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું (encode) કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહીં.

6. OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

7. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

8. ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતિ કરવી તે ગેરશિસ્ત ગણાશે તેમજ કોલેજ દ્વારા પગલાં લેવાશે.

9. ઉમેદવારે વાદળી અથવા કાળી બોલ પોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના રહેશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબ્બર થી અન્ય કોઈપણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

10. પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા પછી વર્ગખંડ નિરીક્ષકની સૂચના મળે ત્યારબાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.

1. ધ્વનિ : ડેસિબલ :: પાણી : (?)
(A) એંગ્સ્ટ્રોમ
(B) મેક
(C) ક્યુસેક
(D) ઓહમ

2. ખૂટતી સંખ્યા શોધો: 6, 11 ,21, ? 56 , 81
(A) 34
(B) 35
(C) 36
(D) 57

3. 1. લાકડું 2. જંગલ 3. ખુરશી 4. બેસવું 5. જમીન
(A) 1,2,3,4,૫
(L) 5,2,1,3,4
(C) 5,4,1,2,3
(D) 2,1,3,5,4

4. P, Q નો પુત્ર છે. Q, R નો ભાઈ છે. S, R ની મા છે. જો M, S ની પુત્રી હોય તો આપેલ વિધાનના આધારે યોગ્ય વિધાન પસંદ કરો
(A) M, P ની ફોઈ છે.
(B) M અને R બહેનો છે.
(C) P અને R કાકાઈ ભાઈ છે.
(D) Q અને M ભાઈઓ છે.

5. સાગર પોતાના ઘરેથી સૂર્યોદય દિશામાં 10 કિ.મી. ચાલે છે. ત્યાર પછી તે ઉત્તર દિશામાં 5 કિ. મી. ચાલે છે. ત્યારબાદ તે પશ્ચિમ દિશામાં 10 કિ.મી. ચાલે છે. તો હવે તે પોતાના ઘરેથી કેટલા કિ.મી. દુર છે.
(A) 15 કિ.મી.
(B) 5 કિ.મી
(C) 10 કિ.મી.
(D) 25 મિટર

6. AC = AB+BC હોય તો ત્રિકોણ ABC એ ............ ત્રિકોણ છે.
(A) લઘુકોણ
(B) ગુરુકોણ
(C) સમકોણ
(D) કાટકોણ

7. 81 : 9 :: 49 : ............
(A) 5
(B) 6
(C) 7
(D) 8

8. ઘડિયાળમાંનું અડધું પરિભ્રમણ કેટલા ડીગ્રી હોય છે?
(A) 360 ડિગ્રી
(B)150 ડિગ્રી
(C) 200 ડિગ્રી
(D)180 ડિગ્રી

9. કઈ સંખ્યામાંથી 8 બાદ કરી પછી 8 વડે ગુણતા 8 મળે ?
(A) 10
(B) 11
(C) 8
(D) 9

10. જો 6x – 4 =38 હોય તો x – 5 = ?
(A) 2
(B) 3
(C) 5
(D) 7

11. **એક સાંકેતિક ભાષામાં જો "CHAIR" ને "DIBJS" તરીકે લખવામાં આવે તો "TABLE" ને કેવી રીતે લખાય?**
**(A) UBMPZ**
**(B) UBCMF**
**(C) QSCMS**
**(D) SQPZM**

12. **એક વ્યક્તિ 1 કિ.મી. પૂર્વ તરફ પછી 3 કિ.મી. દક્ષિણ તરફ પછી 2 કિ.મી. પૂર્વ તરફ પછી 3 કિ.મી. ઉત્તર તરફ જાય છે તો તે મુળ સ્થાનથી કેટલે દૂર હશે?**
**(A) 3 કિ.મી**
**(B) 4 કિ.મી**
**(C) 6 કિ.મી**
**(D) 9 કિ.મી**

13. જો A એ B અને C ની માતા હોય અને D એ C નો પતિ હોય તો A એ D ની શું થાય?
(A)માતા
(B)જમાઈ
(C) સાસુ
(D) કાકી

14. એક વર્ગ માં રમેશનો ક્રમ આગળ થી ૧૪ મો અને પાછળ થી ૪૧ મો છે તો તે વર્ગમાં કુલ કેટલા વિધાર્થી હશે?
(A) 27
(B) 55
(C) 53
(D) 54

15. ૮ ખુરશીની કિંમત ૩ ટેબલની કિંમત બરાબર થાય છે. એક ખુરશી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 605 થાય છે. , તો ખુરશીની કિંમત કેટલા રૂપિયા હશે?
(A) 55
(B) 165
(C) 192
(D) 83

16. સવારના ૪ વાગ્યા થી બપોરના ૪ વાગ્યા સુધી બંને કાંટા એક સાથે કેટલી વાર આવશે ?
(A) 11
(B) 12
(C) 22
(D) 24

17. 'ENCYCLOPEDIA' શબ્દમાંથી નીચેનામાંથી ક્યો શબ્દ ન બને?
(A) CYCLE
(B) PENCIL
(C) DIAL
(D) YOKE

18. P,Q,R,S એ ચાર ક્રમાનુસાર મહિના છે. જેમાં P અને S ના દિવસો 30 છે. તો S ક્યો મહિનો છે.?
(A) સપ્ટેમ્બર
(B)જુન
(C) એપ્રિલ
(D) નવેમ્બર

19. 20 અને 30 વચ્ચે કુલ કેટલી વિભાજ્ય સંખ્યાઓ છે?
(A) 3
(B) 5
(C) 7
(C)11

20. 1 કિલોમીટર ના કેટલા સેન્ટીમીટર થાય ?
(A)100
(B) 1000
(C)10000
(D) 100000

21. કોઈ પણ લંબચોરસનાં સામસામેનાં શિરોબિંદુઓને જોડાતા રેખાખંડ ને શું કહે છે?
(A) કર્ણ
(B) બાજુ
(C) વેધ
(D) વિકર્ણ

22. દસ વર્ષમાં A ની ઉંમર, B ની દસ વર્ષ પહેલાની ઉંમર કરતા બમણી થશે. જો હાલ A, B કરતા 9 વર્ષ મોટો હોય તો, B ની હાલની ઉંમર શોધો.
(A) 19 વર્ષ
(B) 29 વર્ષ
(C) 39 વર્ષ
(D) 49 વર્ષ

23. એક વર્તુળનો વ્યાસ 14 cm છે. તો તેનો પરિઘ શોધો.
(A) 44
(B) 48
(C) 39
(D) 45

24. અમારા બધામાં સૌથી નાનુ કોણ છે?
(A) હેક્ટગ્રામ
(B) ડેસીગ્રામ
(C) મિલિગ્રામ
(D) સેન્ટિગ્રામ

25. 60 કિ.મી./કલાકની ઝડપે ચાલતી એક ટ્રેન સિગ્નલને 6 સેકન્ડમાં પસાર કરે છે. તો ટ્રેનની લંબાઈ કેટલી ?
(A) 60 મીટર
(B) 36 મીટર
(C) 100 મીટર
(D) 600 મીટર

26. AZ, BY, CX, ..................
(A) DW
(B) DE
(C) EF
(D) JK

27. જો એક મહિનાનો ચોથો શનિવાર 22 મો દિવસ છે તો તે મહિનાનો 13 મો દિવસ કયો હશે?
(A) મંગળવાર
(B) બુધવાર
(C) ગુરૂવાર
(D) શુક્રવાર

28. 6:30 વાગ્યાનું અરીસામાં પ્રતિબિંબ કયો સમય દર્શાવે છે?
(A) 5:15
(B) 5:20
(C) 5:30
(D) 5:35

29. શ્રેણી પૂર્ણ કરો- 325,259,204,160,127,105, .............. ?
(A) 94
(B) 96
(C) 98
(D) 101

30. રેસમાં જરૂરી શું જોવા મળે છે?
(A) જજ
(B) દર્શકો
(C) સ્પર્ધક
(D) ઈનામ

31. નીચેના સમૂહમાં ક્યા શબ્દનો સમૂહ અન્ય થી જુદો પડે છે.
(A) સૂર્ય
(B) ચંદ્ર
(C) મંગળ
(D) બ્રહ્માંડ

32. પૂર્વ અને નૈઋત્ય દિશા વચ્ચે કેટલા અંશનો ખૂણો બને ?
(A) 135 અંશ
(B) 45 અંશ
(C) 180 અંશ
(D) 90 અંશ

33. સુદાન : આફ્રિકા :: મ્યાનમાર : ....................
(A) એશિયા
(B) ઓસ્ટ્રેલિયા
(C) યુરોપ
(D) રશિયા

34. કયો અક્ષર નીચેના શબ્દોની આગળ લગાડવાથી અર્થપૂર્ણ શબ્દો બની શકશે?
OLD , EACH , RAIN, APE
(A) S
(B) P
(C) T
(D) C

35. એક વ્યક્તિ પાસે ચાર જુદા-જુદા પેન્ટ અને ચાર જુદા-જુદા શર્ટ છે. પેન્ટ-શર્ટ પહેરવા કેટલી રીતે પસંદગી કરી શકાય?
(A) 8
(B) 16
(C) 24
(D) 32

36. The Train runs ................. New Delhi and Lucknow
(A) among
(B) Between
(C) on
(D) amongst

37. Give Past Tense Of : 'Seek'
(A) seeked
(B) sook
(C) shake
(D) sought

38. The Dinner ............... Before I arrived
(A) had been Served
(B) is Served
(C) has been Served
(D) will be Served as

39. Find the Correct Spelling.
(A) perseverence
(B) perseverance
(C) perseveranse
(D) parseverence

40. Superlative degree From Of ' Little '
(A) Less
(B) Least
(C) Listod
(D) Littlest

41. ' આર્દ્ર ' શબ્દનો સાચો વિરોધી જણાવો
(A) ભીનું
(B) શુષ્ક
(C) હરિયાળું
(D) શુકલા

42. 'વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર' પંક્તિમાં કયો અલંકાર રહેલો છે?
(A) વ્યતિરેક
(B) શબ્દાનુપ્રાસ
(C) વર્ણાનુપ્રાસ
(D) ઉત્પેક્ષા

43. નીચેનામાંથી સૌથી અલગ વિકલ્પ કયો?
(A)વ્યાસ
(B)જીવા
(C) ત્રિજ્યા
(D) વર્તુળ

44. 'સરંગટ' શબ્દનો અર્થ જણાવો.
(A) ઘૂંઘટવાળી
(B) મિથ્યાભિમાની
(C) શ્યામવર્ણવાળી
(D) તાબે થયેલ

45. સાચી જોડણી જણાવો
(A) આંબાવાડિયું
(B) આંબાવાડીયું
(C) આબાંવાડિયું
(D) આબાંવાડીયું

46. શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો-' જેને સીમા નથી તે '
(A) સીમાચિન્હ
(B) નિ:સીમ
(C) સીમાંત
(D) સીમાધાર

47. એક પુરુષને તેના પતિ સાથે પરિચય કરાવતા એક મહિલાએ કહ્યું " તેના ભાઈના પિતા મારા દાદાના એકમાત્ર પુત્ર છે." તો સ્ત્રી આ પુરુષ સાથે કેવી રીતે સંબધિત છે?
(A) માતા
(B) કાકી
(C) દીકરી
(D) બહેન

48. 10 માણસો એક રસ્તાનું સમારકામ ૬ દિવસમાં કરી શકે છે. તો 15 માણસો તે કામ કેટલા દિવસમાં કરી શકે.
(A) 2 દિવસ
(B) ૩ દિવસ
(C) 4 દિવસ
(D) ૫ દિવસ

49. નીચેનામાંથી કયો ડેટાનો પ્રકાર છે?
(A) ઓડિયો
(B) વિડિયો
(C) ઈમેજ
(D) આપેલ તમામ

50. પદાવલિ – 2(12-3)+4(10-7) નું મુલ્ય શું થાય?

(A) 18
(B) 30
(C) 54
(D) 66

51. એક ઘડિયાળમાં 1 વાગે એક,2 વાગે બે, 3 વાગે ત્રણ એમ ક્રમ મુજબ ટકોરા પડતા હોય, તો 12 કલાકમાં કુલ કેટલા ટકોરા પડે?

(A) 12
(B) 78
(C) 56
(D) 156

52. સમસબંધી શબ્દ જણાવો: થર્મોમિટર: તાવ: રિક્ટર સ્કેલ:__________

(A) વરસાદ
(B)વાવાઝોડું
(C) ભરતી
(D) ધરતીકંપ

53 નીચે આપેલ આકૃતિમાં ? ની જગ્યાએ શું આવશે?

| | | |
|---|---|---|
| 4 | 16 | 64 |
| 6 | 36 | ? |

(A) 36
(B) 42
(C) 216
(D) 256

54. A,B,C,D,E,F નામના છ લોકો એક હરોળમાં ઉભા છે. C અને D ની વચ્ચે કોઈ નથી. D ની બાજુમાં F છે. F અને A ની વચ્ચે B છે. D અને E ની વચ્ચે C છે. તો બંને છેડા ઉપર ક્યા બે લોકો હશે?

(A) C અને D
(B) F અને A
(C) A અને C
(D) A અને E

55. પાંચ છોકરીઓ દક્ષિણ તરફ મુખ રાખીને ઉભી છે. P,Q અને R ની વચ્ચે છે. જ્યારે S ની ડાબી બાજુ છે. S તથા T છેડા પર છે. તો બરાબર વચ્ચે કોણ ઉભું હોય ?

(A) R
(B) Q
(C) P
(D) S

56. આજે શનિવાર છે, તો હવે પછેના બુધવાર પછીના 29 માં દિવસે ક્યો વાર હોય ? .

(A)મંગળવાર
(B) ગુરૂવાર
(C) બુધવાર
(D) શુક્રવાર

57. જો કોઈ સકેતિક ભાષામાં HOME ને 41 તથા HOUSE ને 68 હોય તો OFFICE ને કેમ લખાય ?

(A) 44
(B) 48
(C) 72
(D) 87

58. DE, GJ, KM, NQ, RT, ........................

(A) YZ
(B) XZ
(C) UW
(D) UX

59. 20 , 33 , 50 , 69 , 92 , ................

(A) 120
(B) 121
(C) 122
(D) 130

60. 2 , 5, 12, 27, 58, ............................

(A) 116
(B) 121
(C) 118
(D) 125

61. જો x નો અર્થ - , / નો અર્થ +, + નો અર્થ x હોય તો (16 x 5) / 5 + 3 = ?

(A) 22
(B) 24
(C) 26
(D) 30

62. નીચે આપેલ વિકલ્પો માંથી અલગ પડતો વિકલ્પ શોધો
(A) સામવેદ (B)આયુર્વેદ
(C) ધનુર્વેદ (D) ગાંધર્વવેદ

63. નીચે આપેલ વિકલ્પોમાંથી ક્યા શબ્દોની જોડ અલગ પડે છે.તે શોધો
(A) કાકા - કાકી (B) માતા – પિતા
(C) ભાઈ – બહેન (D) પતિ – પત્ની

64. બોટની : વનસ્પતિ :: ઝુલોજી : ...............
(A) પ્રાણી (B) મનુષ્ય
(C) ગ્રહો (D) પદાર્થ

65. અલંકારનો પ્રકાર જણાવો - 'ઈશ્વર જેવો ઈશ્વર કેવળ એક જ છે.'
(A) ઉત્પેક્ષા (B) અનન્વય
(C) સજીવારોપણ (D) ઉપમા

66. છંદ નાં સૂત્રમાં કેટલા ગણ છે?
(A) બાર (B)દસ
(C) નવ (D) આઠ

67. છંદ નો પ્રકાર જણાવો – ' ના શિક્ષાના કથન કથવા યુક્ત તારા સમીપે '
(A) મંદાક્રાન્તા (B) શિખરણી
(C) હરિણી (D) પૃથ્વી

68. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો – ' પશુના મોઢે બાંધવાનું દોરડાનું ગાળિયું '
(A) કહાર (B) મુખબંધ
(C) મુખમોરડો (D) રાશ

69. આપેલ શબ્દનો સમાસ ઓળખાવો – ' નરસિંહ '
(A) તત્પુરુષ (B) ઉપપદ
(C) કર્મધારય (D) દ્વંદ્વ

70. આપેલ વાક્યમાંથી રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો : ' દાળમાં <u>મીઠો</u> લીમડો જરૂરી છે. '
(A) આકારવાચક (B) સ્વાદવાચક
(C) રંગવાચક (D) કર્તુવાચક

71. The beautiful lady compared ................ the moon by the poet.
(A) like (B) of
(C) to (D) with

72. ........................ Fridays, Muslims go to the mosque to pray
(A) On (B) at
(C) in (D) up

73. Give Synonyms : - Compress
(A) Shrink (B) expand
(C) emplify (D) chaste

74. Give Antonyms : - Accuse
(A) Compel (B) Approve
(C) Pardon (D) Allege

75. આપેલ વડાપ્રધાનોને તેના શાસનકાળ મુજબ ક્રમમાં ગોઠવો.
1. ચરણસિંહ , 2. નરેન્દ્ર મોદી , 3. આઈ. કે. ગુજરાલ , 4. જવાહરલાલ નેહરુ
(A) 3, 1, 4, 2
(B) 4, 1, 3, 2
(C) 3 , 2, 4, 1
(D) 2, 1, 3, 4

76. SATISFACTION શબ્દમાંથી ક્યો શબ્દ બનાવી શકાય નહિ?
(A) FAST
(B) STATION
(C) NATION
(D) ACTION

77. A B C D .... થી Z માં G અને Q ની બરાબર વચ્ચે ક્યો મૂળાક્ષર આવે ?
(A) K
(B) L
(C) M
(D) N

78. નીચે આપેલા દરેક શબ્દોની આગળ ક્યો મૂળાક્ષર મુકવાથી અર્થપૂર્ણ બની શકે?
ATE , OAT , HOST, ROUND
(A) S
(B) P
(C) G
(D) C

79. એક સંખ્યા 5 કરતા મોટી પરંતુ 9 કરતા નાની તથા 7 કરતા મોટી પરંતુ 11 કરતા નાની હોય તો તે સંખ્યા કઈ હશે?
(A) 5
(B) 7
(C) 6
(D) 8

80. 1 થી 100 સુધીની સંખ્યાઓ લખવામાં આવે તો કુલ કેટલા આંકડાઓની જરૂર પડે ?
(A) 192
(B) 198
(C) 183
(D) 203

81. Change the Voice :- The boys were Playing Cricket.
(A) Cricket had been played by the boys.
(B) Cricket was played by the boys.
(C) Cricket was being played by the boys.
(D) Cricket has been played by the boys

82. She had gone to college when I ................ to see her.
(A) Come
(B) Had Come
(C) Came
(D) Comes

83. Most of Students .................... their time.
(A) Waste
(B) West
(C) Wastes
(D) Wasting

84. Give synonym of 'concise'
(A) Solid
(B) Strong
(C) Brief
(D) Long

85. It is supposed that ................ Suresh ................ Mahesh has commited the crime.
(A) Either , Or
(B) If, Or
(C) Both, and
(D) None, Of three

86. The Train had already gone ............. I reached the Station.
(A) But
(B) When
(C) Because
(D) Whenever

87. ખાંડના ભાવમાં 25%નો વધારો થયો છે, તો ખર્ચ ન વધે તે માટે વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરવો જોઈએ?
(A) 20%
(B) 18%
(C) 22%
(D) 24%

88. બે સંખ્યાનો સરવાળો 25 અને બાદબાકી 9 છે. તો તે સંખ્યા શોધો.
(A) 15 , 10
(B) 17 , 9
(C) 17, 8
(D) 16 , 9

89. એક વર્ગમાં છોકરા અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર 3:2 છે. જો છોકરીઓની સંખ્યા 60 હોય તો વર્ગમાં કુલ કેટલી સંખ્યા હશે.
(A) 90
(B) 150
(C) 120
(D) 200

90. જેનો આધાર 5 છે. અને ઘાતાંક 3 છે. તો તેની કિંમત શોધો.
(A) 243
(B) 15
(C) 125
(D) 8

91. 7, 10, 16, 20, 27 નો મધ્યક ................ થાય?
(A) 10
(B) 20
(C) 15
(D) 16

92. જો બે સંખ્યાનો સરવાળો 60 હોય અને તફાવત 12 હોય તો તે બે સંખ્યાનો ગુણોત્તર કેટલો થશે?
(A) 3 :8
(B) 8 : 3
(C) 2: 3
(D) 3 : 2

93. 25 મી./ સેકન્ડની ઝડપે જતી ટ્રેનની ઝડપ એક કલાકમાં કેટલા કિ.મી. હશે?
(A) 80
(B) 90
(C) 85
(D) 100

94. રવિ દરરોજનું 350 મીટર જેટલું ચાલે છે. પરંતુ ફક્ત મંગળવારે 500 મીટર જેટલું ચાલે છે. તો બે અઠવાડિયામાં રવિ કેટલા કિલોમીટર ચાલશે?
(A) 5.2 કિ.મી.
(B) 5.4 કિ.મી.
(C) 4.2 કિ.મી.
(D) 4.8 કિ.મી.

95. જો ' MEAT ' ને ' TEAM ' તરીકે લખવામાં આવે તો ' BALE ' ને .................તરીકે લખવામાં આવશે.
(A) EABL
(B) ELAB
(C) EBLA
(D) EALB

96. વિદ્યાર્થીઓની એક હરોળમાં રાહુલ બંને બાજુથી 18 મા ક્રમે છે. તો આ હરોળમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે?
(A) 35
(B) 36
(C) 19
(D) 42

97. ક્રિકેટની રમતમાં બોલર દરેક બોલે વિકેટ ખેરવે તો છેલ્લે કયા નંબરનો ખેલાડી નોટ આઉટ રહેશે?
(A) 7
(B) 8
(C) 2
(D) 11

98. પાંચ તરવૈયાઓ A, B, C, D અને E એક સ્પર્ધામાં ભાગ લે છે. A, B સામે હારી ગયો પરંતુ C સામે જીતી ગયો D, E ને હરાવી દે છે. પણ C ને હરાવી શકતો નથી. તો સ્પર્ધામાં કોણ જીત્યું હશે?
(A) C
(B) D
(C) A
(D) B

99. અશોક પાસે 100 રૂ. ની 80 નોટો સીરીયલ નંબર પ્રમાણેની છે. જો પ્રથમ નોટ 624328 હો તો છેલ્લી નોટ પર ક્યો નંબર હોય?

(A) 624407 (B) 624408
(C) 624405 (D) 624409

100. એક સંખ્યા ને ૫ ગણી કરી તેમાં તે જ સંખ્યા ઉમેરતા 360 મળે છે. તો તે સંખ્યા કઈ ?

(A) 52 (B) 56
(C) 68 (D) 60

---

Rough Work